# ગઝલ

## સીદ્દીક ભરુચી

### .1.

ધનુષ્યનાં તીર કમાનમાં છું,
કે જાણે સૌના હું ધ્યાનમાં છું.

અદમ્ય ઈચ્છા શી છું જરુરત,
ખરીદ મુજને, દુકાનમાં છું.

શરાબ શબ્દોની રોજ લઉં પણ,
કલમની સાથે હું ભાનમાં છું.

પ્રચારની સુર્ખીઓમાં ખુશ તું,
હું રાજી મારા મકાનમાં છું.

હું લાગણી કોઈની લખેલી,
ગઝલ છું, કોઈ દીવાનમાં છું.

### .2.

એક ખત મળ્યો છે સરનામા વગર,
મૌનને ચાલ્યું ન દીવાના વગર?

એટલા 'ગાલીબ' છે, મારા શહેરમાં,
શેર પણ લખતા ન મયખાના વગર.

છે સડક પર વાહનો અપરાધનાં,
આ બધા છુટ્ટા છે, જુર્માના વગર.

આગ્રહ ના સમજાયો એનો, અવસરે,
કાજ તો થઈ જાય છે મારા વગર!

પુર્ણ સૌ થઈ જાય છે અજવાસમાં,
હર નવી ઈચ્છાઓ અંધારા વગર.

સુર્યની સામે 'દીવા' વટ પાડવા,
શીસ્તમાં ઉભા છે શરમાયા વગર.

**.3.**

જો માવજત કરાય તો ઈન્સાન થઈ શકે,
પથ્થરમાં જ્ઞાન હોય તો સન્માન થઈ શકે.

એમાં પ્રથમ પંક્તીના હીરા થતા મુરખ,
જો કે, ઈલાજ થાય તો સંતાન થઈ શકે.

આનંદ કે ખુશીનો ભલે પર્વ હોય પણ;
ધડકન રહે છે શ્હેરને, તોફાન થઈ શકે.

જ્યારે, ઉલેચવાનું અગર કામ તું કરે,
સાધુની એ જ રીતથી ધનવાન થઈ શકે.

ગઝલો લખો, ને ટાંટીયા દાબો શરાબથી,
જાહેરમાં તમારુંયે સન્માન થઈ શકે.

.4.

મને એટલી બસ ખબર ના મળે,
હું આવું, અને તુજ ઘરના મળે.

અહીં એક પ્રથા છે, નવા ગામની;
તને કોઈ કારણ વગર ના મળે.

દુઆના બે શબ્દોથી, કરજો સ્મરણ,
અગર તમને મારી કબર ના મળે.

હજારો હો' રસ્તા, ને તું ના મળે,
મને એવી કોઈ ડગર ના મળે.

સદાચાર પણ જ્યાં કરે ખુદકુશી,
રહું ત્યાં સુધી એ નગર ના મળે.

જગતને પચાવે એ દીલ, છે ઘણાં;
લુંટાવી દે એવું, જીગર ના મળે.

**.5.**

હા, નવી મોસમનાં પણ સમણાં જુઓ,
આવતી પેઢીના દીવાના જુઓ.

કેમ ત્યાં પ્યાસી ઉભી છે, એક તરસ!
આંગણે આવી છે ખુદ ગંગા જુઓ.

હું હવે કઈ કઈ ફીલમમાં આવું છું,
ટીવીની ચેનલ ને સૌ છાપાં જુઓ.

દેશમાં જન્મી વીદેશી થઈ ગયા?
મારા પુત્રોનાં નવાં વાઘાં જુઓ!

આપણે ઉભા છીએ ક્યાં શોધવા,
કોઈ દી’ કુર્આન ને ગીતા જુઓ.

આજ ટ્યુશન ક્લાસથી શીખવા મળ્યું,
સૌ સલામત હોય તે જગ્યા જુઓ.

**.6.**

ઘરોની ચાવીઓ ખોવાઈ ગઈ છે,
હવે ઈન્સાનીયત ધોવાઈ ગઈ છે.

હતી સુફીયાણી વાતો જેના મુખ પર,
ચડીને મંચ પર બદલાઈ ગઈ છે.

સમયની અટકળો, હલચલને નીરખી,
ફળીની બારીઓ શરમાઈ ગઈ છે.

નવી મૌસમના ઝેરીલા પવનમાં,
મહોબ્બત વાસમાં ઘુંટાઈ ગઈ છે.

ઉછેરી દીકરી, ધીરાણ કરતા;
પહાડોની નજર ભીંજાઈ ગઈ છે.

## .7.

પુષ્પ સૌ મસ્તીમાં ગુલ્શનમાં હતાં,
જોઈને માળીને, ઉલ્ઝનમાં હતા.

નામ પસ્તીનું અપાયું ગ્રંથને,
જે વીચારો કાલ સર્જનમાં હતા.

હાથતાળી મીત્ર મળ્યા ત્યાં મને,
જે ગુણો મારા એ દુશ્મનમાં હતા.

આપ, મારા શેર, ગઝલોનાં સુમન,
આપ કોના દોસ્ત, ચીંતનમાં હતા?

એ ભલે કૉમેન્ટ ના આપી શક્યા,
પણ અમે તો એમના મનમાં હતા.

## .8.

મને આદત છે, થીંગડાં મારવાની;
તને છે, ટેવ પર્ણો તોડવાની.

નરી આંખે જરા જોઈ શકે છે,
મનાઈ એમને છે, સ્પર્શવાની.

ઉડી છે આંધીઓમાં એક અફવા,
મુલાયમ લોકમાં જઈ પ્હોંચવાની.

જગત-રણમાં છે વૈભવ ઝાંઝવાંઓ,
હરણ - લોકોની હીંમત, દોડવાની.

કરી દો કત્લ, કાં ઈલ્ઝામ આપો,
અમે આપી છે સત્તા વર્તવાની.

કબુતર કૈ' રીતે વીશ્વાસ રાખે!
અમારી ટેવ પથ્થર ફેંકવાની.

તમારા શ્હેરમાં 'સીદ્દીક' આ મોસમ,
અતી ચાહું, મળે તક ચાહવાની.

.9.

ભીંતને વાંધો કે હાથો ના મળે,
ઘરને એ ચીંતા કે સાંધો ના મળે.

કો' અધીરું થાય છે, ના જોઈને,
ને કદી બે જણની આંખો ના મળે.

દર્દના પોશાકમાં છે, એક જગત,
જોઈએ જેને એ સાજો ના મળે.

ફક્ત મૈયતને છે ટેકાનો રીવાજ,
જીવતાને કોઈ કાંધો ના મળે?

એ રીતે તુટીને વીખરાયા સંબંધ,
કોઈનો કોઈથી નાતો ના મળે.

ચકચકીત સડકોની બન્ને બાજુએ,
'પારડી' આવો તો વૃક્ષો ના મળે.

એટલો બદલાવ 'સીદ્દીક' છે હવે,
ભીક્ષુકો માંગે તો પ્યાલો ના મળે.

**.10.**

છાંયડો છોડીને તડકામાં ગયા,
સૌ વફા કરવાને ધંધામાં ગયા.

એમની વાતોમાં નીષ્ઠાનું વજન,
ને અમારા શબ્દો ચર્ચામાં ગયા.

એમ સરનામું મળ્યું એ નામનું,
કે ઝરણ મળ્યું તો દરીયામાં ગયા.

વાયદો આપ્યો ને આવ્યા ના તમે,
ને અમે કંઈ કંઈ કુશંકામાં ગયા!

તોય નજરોમાંથી લોહી ના ગયું,
નાહવા અપરાધ ગંગામાં ગયા.

એટલે આઝાદ અશ્વો થઈ ગયા,
કુંભકર્ણો ફક્ત ઉંઘવામાં ગયા.

## .11.

એક પથ્થરની ઘણી સેવા કરી,
એક નવોઢાએ પ્રભુ-પુજા કરી.

અડચણોના એમણે રસ્તા કર્યા,
એમ દીલના મ્હેલમાં જગ્યા કરી.

એક સુંદર આંખવાળી માછલી,
એક દરીયાને જીતી સત્તા કરી.

ત્યાં હજી અંધાર છે એ વસ્તીમાં,
મંત્રીઓ આવ્યા'તા જ્યાં  દીવા કરી.

કાલ બારી–બારણાં થઈશું અમે,
આજ તો ઉભાં છીએ છાયા કરી.

કાચબા જેવા ગયા આગળ વધી,
આપણે હારી ગયા ચર્ચા કરી.

શબ્દની કાતરથી તેં ચીર્યાં હ્રદય,
ને અમે જીવ્યા સંબંધ ભેગા કરી.

દુશ્મનો કરતાં વધારે દોસ્તો,
દુર થઈ ગ્યા હાથ સૌ ઉંચા કરી.

**.12.**

વૃક્ષ પર સંબંધનાં પર્ણો નથી,
આ ચલણનો રંગ ઘઉંવર્ણો નથી.

જોઉં છું, એને લખું છું શેરમાં,
શ્હેરની ભીંતોના હું કર્ણો નથી.

રાહમાં પથ્થર નથી ખાડાઓ છે,
વાહનો છે, ત્યાં હવે ચરણો નથી.

ઓગણીસસો વીસના આ શ્હેરમાં,
સુર્ય છે; પણ સુર્યનાં કીરણો નથી.

જીંદગી બેનામ એક અખબાર છે,
મોટીમસ ખબરો છે; અવતરણો નથી.

શોધું છું 'સીદ્દીક' મારા ગામમાં,
બાળપણનાં ક્યાંય સંસ્મરણો નથી.

સીદ્દીક ભરુચી

મોબાઈલ : 83201 95967


સર્જકસમ્પર્ક :

આચાર્ય સીદ્દીક ભરુચી,

એમ.ઈ.એસ.નુરાની હાઈ સ્કુલ, ક્વાર્ટર, રાજપારડી, તાલુકે ઝઘડીયા, જીલ્લે ભરુચ -393115

મોબાઈલ : 83201 95967 ઈ.મેલ : siddiq948212@gmail.com

Facebook : https://www.facebook.com/siddiq.bharuchi.1

## સર્જકનાં પ્રકાશનો :

1. ગઝલસંગ્રહ : યાદોના પડછાયા; પ્રથમ આવૃત્તી: 1997; પાનાં: 50; મુલ્ય : 20 રુપીયા

2. ગઝલસંગ્રહ : અમે કયાં? પ્રથમ આવૃત્તી: 2012; પાનાં: 100 મુલ્ય: 60 રુપીયા

3. ગઝલસંગ્રહ : એસ.એમ.એસ.ઈન્સાન, પ્રથમ આવૃત્તી: 2014; પાનાં: 50, મુલ્ય: 20 રુપીયા

4. ગઝલસંગ્રહ : એકવીસમી સદી (છપાય છે.)

કવીએ પોતે જ ઉપરોક્ત બધાં ગઝલસંગ્રહો પ્રકાશીત કર્યાં છે. સુરતના 'ગજાનન પુસ્તકાલય', ટાવર રોડ, સુરતમાં તે ઉપલબ્ધ છે. છતાં ન મળે તો ઉપરોક્ત સરનામે કવીને લખી શકાય..

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : પંદરમું - અંક : 439 – November 10, 2019

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,67,95,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,44,44,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,05,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,24,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, સરનામું, કૉન્ટેક્ટ નંબર.. વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો.. તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ', દર પંદર દીવસે એક મેલ સાથે આમ, પીડીએફરુપે મળતી રહેશે..

અને તમે જો ફેસબુક જોતા હો તો.....

https://www.facebook.com/sundayemehfil.uttamgajjar

'સન્ડે ઈ.મહેફીલ'નું આ ઉપરોક્ત પાનું છે. જરુર જોજો ને ફ્રેન્ડ્સ રીક્વેસ્ટ મોકલજો..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@

2019-11-10

**'Sunday eMahefil'**-439